


અમરેલી, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.Amreli / 69/12-14 Validup to 31/12/14

सत्यमेव जयते
AVADH TIMES DAILY

પાના ૮ કિંમત રૂા.૩-૦૦
તા.૧૨-૧૧-૨૦૧૪ બુધવાર


# અવધ ટાઇમ્સ




સૌરાષ્ટ્ર આવૃતિ



ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ : ૨૨૦૧૫૫ /૨૨૪૯૪૭
99096 11211
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,avadhtimes1@rediffmail.com, news@avadhtimes.net,



તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ, હેડપોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૭૧ કારતક વદ ૬ વર્ષ : ૧૯ અંક ૭૧


### યુનાઇટેડ ફોરમ બેંક એમ્પ્લોઇઝ યુનિયન દ્વારા અપાયેલા રાષ્ટ્રવ્યાપી એલાન મુજબ

# અમરેલી જિલ્લામાં રાષ્ટ્રીયકૃત બેંકોની આજે હડતાળ

**અમરેલી જિલ્લો પણ રાષ્ટ્રીય કક્ષાએ હડતાળમાં જોડાઇ પોતાનો સુર પુરાવશે**

**બેન્કોમાં વેજ, સરકાર દ્વારા બહાર અપાતું કામ અને બેન્કોમાં નવી રીક્રુટમેન્ટ કરવા સહીતની ઇએફબીયુની માંગણી છતા ઉકેલ નહિ આવતા હડતાળનું શસ્ત્ર ઉગામ્યું**

**આજે સવારે ૧૦/૩૦ કલાકે એસબીઆઇ નાગનાથ બ્રાંચ ખાતે સુત્રોચ્ચાર કરાશે**

અમરેલી, યુનાઇટેડ ફોરમ ઓફ બેંક એમ્પ્લોઇઝ યુનિયન (ઇએફબીયુ) એ આપેલા દેશ વ્યાપી બેંક હડતાળના એલાન મુજબ અમરેલી જિલ્લાની રાષ્ટ્રિયકૃત બેંક પણ હડતાળમાં જોડાશે અને જિલ્લાભરમાં કામગીરી ઠપ્પ થઇ જશે.બેંક કર્મચારી યુનિયનોની માંગણી મુજબ વેજનો નિકાલ થતો નથી. સરકાર દ્વારા બહારના સોર્સમાંથી કામ લેવામાં આવેલ છે અને નવી રીક્રુટમેન્ટ થતી નથી. જેવા અનેક પ્રશ્નોની રજુઆતો છતા ઉકેલ ન લાવતા આપેલ ચીમકી મુજબ આજે દેશભરની રાષ્ટ્રીય બેંકો હડતાળમાં જનાર છે. તેમાં અમરેલી


(અનુસંધાન પાનાનં.૭)


### ૮૧૦ ચુકવ્યા બાદ સબસિડીની રકમ બેંક ખાતામાં જમા કરાશે

# જાન્યુઆરીથી ગ્રાહકને સિલિન્ડર માટે ૮૧૦ રૂપિયા ચુકવવા પડશે

**પાંચ કિલોના એલપીજી સિલિન્ડર વહેલીતકે ઉપલબ્ધ કરાવાશે**

નવી દિલ્હી,તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય અને ગરીબ લોકોને રાહત મળે તેવી હિલચાલ રૂપે કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર હવે ગરીબ ગ્રાહકોની મદદ કરવા માટે પાંચ કિલોના એલપીજી


(અનુસંધાન પાનાનં.૭)


# આજે અમરેલીના વેપારી આગેવાનો ટ્રાફિક પ્રશ્ને પોલીસને સહકાર આપવા માટે મેદાનમાં આવશે

**સાંજે ૪ કલાકે શહેરભરમાં ફરી અને વ્યવસ્થિત પાર્કિંગ તથા રોડ ઉપરના બોર્ડ હટાવવા અનુરોધ કરશે : માર્કેટ પાસેના પાર્કિંગને વ્યવસ્થિત કરવા પાલીકા પ્રમુખ કાળુભાઇની ખાત્રી**

અમરેલી,અમરેલી શહેરમાં ટ્રાફિક સમસ્યાને હલ કરવા છેલ્લા એક સપ્તાહથી સારી કામગીરી થતા આ કામગીરીને શહેરભરમાંથી ભારે આવકાર મળી રહ્યો છે બીજી તરફ આજે આ કામગીરીને વધુ અસરકારક બનાવવા વેપારીઓ અને આગેવાનો પણ સહકાર આપવા પોલીસને સહયોગ આપશે.અમરેલી શહેરમાં સીટી


(અનુસંધાન પાનાનં.૭)


## રાજુલાના ભાકોદરમાં દેશી દારૂની ભઠ્ઠી સાથે ત્રણ શખ્સો ઝડપાયા

**પોલીસે દારૂ-આથો ઝડપી લઇ ગુનો નોંધ્યો**

અમરેલી,રાજુલાનાં ભાકોદરમાં દેશી દારૂની ભઠી ચલાવી દારૂ ગાળતા ત્રણ શખ્સોને પોલીસે ઝડપી લઇ ગુનો નોંધેલ છે.આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર જાફરાબાદના ભાકોદરમાં રહેતા કેશુ ઉકા


(અનુસંધાન પાનાનં.૭)


## બાબરામાં પાઇપ વડે હુમલો કર્યો

અમરેલી, બાબરામાં રહેતા ચંદુભાઈ દાનાભાઈ મયાત્રાની સાથે બાબરામાં રીક્ષા સ્ટેન્ડમાં રીક્ષા રાખવા પ્રશ્ને પાચા જસા ભરવાડે પાઈપ વડે માર મારી ઈજા પહોંચાડયાની ફરીયાદ બાબરા પોલીસ મથકમાં નોંધાવેલ છે

## અમરેલીમાં સરકારવાડાનો યુવાન ઈગ્લીશ દારૂની બોટલ સાથે ઝડપાયો

**પોલીસે દારૂ બાઈક કબજે લઇ ગુનો નોંધ્યો**

અમરેલી

અમરેલી સરકારવાડામાં ઈગ્લીશ દારૂ સાથે એક શખ્સને પોલીસે ઝડપી લઈ ગુનો નોધેલ છે

આ બનાવની પ્રાપ્ત વિગત


(અનુસંધાન પાનાનં.૭)


## અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ટ્રાફિક ડ્રાઇવને આવકાર

**સીટી પી.આઇ.ને વેપારીઓ અને આગેવાનોએ આવકારી પોલીસની કામગીરીની પ્રસંશા કરી**



અમરેલી,

અમરેલી શહેરમાં છેલ્લા એક અઠવાડીયાથી શહેર પોલીસ દ્વારા ટ્રાફીક સમસ્યા હલ કરવા કડક કાર્યવાહી થતા આજ રોજ ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પોલીસની કામગીરીની પ્રસંશા કરી હતી.

અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં આજે ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો અને આગેવાનોએ મુલાકાત લઈ સીટી પી.આઈ. શ્રી પંડયાને મળી શહેરમાં છેલ્લા એક અઠવાડીયાથી પોલીસ દ્વારા આડેધડ પાર્કીગ થતા વાહનોને ડીટેઈન કરવાની કામગીરી તેમજ ટ્રાફીક નિયમનો ભંગ કરનાર વાહન ચાલકો સામે એન.સી. અને દંડ ફટકારવાની કામગીરીને આવકારી આ કામગીરી નિયમીત રીતે શરૂ રાખવા જણાવ્યુ. શહેરમાં ટ્રાફીક સમસ્યાનો પ્રશ્ન હલ કરવા બદલ શુભ કામનાઓ આપી હતી.

# રાજયમાં રોજ અને ભુંડને મારવા માટે વન્ય પ્રાણી સંરક્ષક તરીકે ૩૪૭૪ સરપંચોને બદલે ગામ દીઠ એક શિકારીની નિમણૂંક કરો : પરેશ ધાનાણી

**રોઝ ભુંડના ત્રાસથી ખેડુતોને કાયમી મુક્તિ અપાવવા તારની વાડ બનાવવા ગામદીઠ એક કરોડ રૂપિયા ફાળવવાની માંગણી : રોઝ ભુંડ ખેડુતના ખેતરમાં ઉભા પાકને નુકશાન કરે તો નુકશાન થાય તેનુ પુરૂ વળતર ચુકવો : શ્રી ધાનાણી**

અમરેલી, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના



ઉપદંડક અને અમરેલીના ધારાસભ્ય શ્રી પરેશ ધાનાણીએ આજ રોજ ગુજરાત વિધાનસભામાં અમરેલી જિલ્લામાં ઉભા પાકને નુકશાન કરતા નિલ ગાય રોજ અને ભુંડના ત્રાસથી રક્ષણ મેળવવા અને તેમાં વધુ નાણાંની જોગવાઈ કરવા અંગેનો પ્રશ્ન પુછયો હતો આ પ્રશ્ન ચર્ચામાં આવતા આ પ્રશ્ન માન.વનમંત્રીશ્રીએ તેના પ્રત્યુતરમાં જણાવ્યુ હતુ કે ખેડીવાડીના ઉભા પાકને નુકશાન કરતા નિલગાય રોઝ અને ભુંડના ત્રાસથી રક્ષણ મેળવવા માટે ખેડુતોના ખેત ફરતે કાંટાળા તારની વાડ તૈયાર કરવાની યોજના અમલમાં છે અને આ અંગે અમરેલી જિલ્લા માટે વર્ષ ૨૦૧૪-૧૫માં ૬૩.૪૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આ


(અનુસંધાન પાનાનં.૭)


## વોટસઅપ કોર્નર...

### સ્વચ્છતા અભિયાન અહી પણ ચલાવજો હો....



અમરેલીના જેલ રોડ ઉપર જાહેરમાં કચરાનો ઢગલો પડેલો છે. તંત્ર આ ઢગલો હટાવે તેવી માંગણી પ્રવર્તિ છે.

### અહી દેશી હિસાબ જ ચાલે વગર લાઇટે ઓલઆઉટ આવી રીતે ચાલે



રાજુલાના વાડી વિસ્તારમાં વિજળી ન હોય અને મચ્છરો પરેશાન કરે ત્યારે આવી રીતે ઓલઆઉટનો ઉપયોગ કરાય છે.

### મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ ના હસ્તે લોંચ કરાયું

# સુચિતા જુનાગઢ એન્ડ્રોઈડ મોબાઈલ એપ્સ લોંચ થયું

**જુનાગઢના કલેકટરશ્રી આલોકકુમાર પાંડે દ્વારા વધુ એક ક્રાંતિકારી ટેકનોલોજી**



તસવીર મિલાપ અગ્રાવત

જુનાગઢ (હિતેષ પારેખ),મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે જુનાગઢ કલેક્ટર કચેરી દ્વારા સ્વચ્છતા સફાઈ અભિયાનને પ્રેરિત કરતા એન્ડ્રોઈડ મોબાઈલ એપ્લીકેશન જુનાગઢનું લોન્ચીંગ કર્યું હતું. જુનાગઢ જિલ્લા કલેક્ટર આલોકકુમાર પાન્ડેએ જિલ્લામાં સ્વચ્છતા સફાઈને જનભાગીદારીથી વ્યાપક સ્તરે સાકાર કરવા આ મોબાઈલ એપ્લીકેશન તૈયાર કર્યું છે.શૂચિતા જૂનાગઢ એપ્લીકેશનનો લાભ જૂનાગઢ ઈ ડિસ્ટ્રીકટ પાર્ટલ http://cis.guj.nic.in દ્વારા પણ મેળવી શકાશે.પ્રધાનમંત્રીના મહત્વકાંક્ષી કાર્યક્રમ સ્વચ્છતા અભિયાન અને ડિઝીટલ ઈન્ડિયા અંતર્ગત મિશ્ર પ્રયાસરૂપે આ એન્ડ્રોઈડ એપ્સના માધ્યમથી લોકો સ્વચ્છતાને લગતી કોઈપણ ફરિયાદ ઓનલાઈન કરી શકે છે. જિલ્લાના વિવિધ વિસ્તારો મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકાઓ તેમજ ગ્રામ પંચાયતોને પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સરકારી મિલકતો ધરાવતા તમામ ખાતાઓ શાળાઓ, આંગણવાડીઓ, આરોગ્ય કેન્દ્રો તેમજ સરકારી કચેરીઓને પણ આવરી લેવાઈ છે. આ શૂચિતા મોબાઈલ એપ્લીકેશનની વિશેષતાઓમાં લોકો ગંદકી કે કચરો


(અનુસંધાન પાનાનં.૭)


## વિસાવદરમાંથી સિંહબાળનો મૃતદેહ મળ્યો

**વનવિભાગે કબ્જો લઈ તપાસ હાથ ધરી**

ધારી,વિસાવદર બાજુના જંગલ વિસ્તારમાં એક છ માસના સિંહણના બચ્ચાનું મોત નિપજેલ છે. મૃતદેહ મળતા ડી.એફ.ઓ. કે. રમેશ ઘટના સ્થળે સાસણથી દોડી આવેલ હતા અને બચ્ચાના મૃેહનો કબ્જો લઈ પી.એમ. બાદ મોતનું કારણ બહાર આવશે તેમ હસમુખ દવેની યાદીમાં જણાવેલ છે.


**શ્રધ્ધાંજલી - ઉતરક્રિયા - લાલકા**



રડી પડે છે આંખો અમારી જોઈ તસવીર
તમારી દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી,
પલભરમાં તમે છેતરી ગયા અમને,
સદાય હસમુખો આપનો ચહેરો, ઈશ્વરને
પુછીશુ તમારી ખજાને શી ખોટ હતી જે
અમારે જેની ખુબ જરૂર તેની તમારે શી
જરૂર પડી ? પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ. આહિર બહાદુરભાઇ મૈસુરભાઇ ચાવડા
જન્મ તા. ૨૯-૫-૧૯૪૯
સ્વ. તા.૭-૧૧-૨૦૧૪
કારતક વદ - ૧ શુક્રવાર

**ઉતરક્રિયા (કારજ) તેમજ વેવાર :**
સં.૨૦૭૧, કારતક વદ - ૧૧ ને મંગળવાર તા. ૧૮-૧૧-૧૪ ના રોજ સ્થળ : મુ. લાલકા, તા. બાબરા, જી.અમરેલી મુકામે રાખેલ છે.

ચાવડા મૈસુરભાઇ નાથાભાઇ
ચાવડા રાજેશભાઇ બહાદુરભાઇ
ચાવડા નિર્મલભાઇ બહાદુરભાઇ
ચાવડા તુષારભાઇ રાજુભાઇ
ચાવડા પૃથ્વીરાજ નિર્મલભાઇ

તથા ચાવડા પરિવારના જય શ્રી કૃષ્ણ
(લાલકા) તા. બાબરા, જી. અમરેલી

# બાબરામાં કિસાન ફાર્મ ઈક્વિપમેન્ટ દ્વારા ખેડૂતલક્ષી માર્ગદર્શન શિબિર યોજાઇ

**કિસાન ફાર્મ ઈક્વિપમેન્ટનું સુંદર આયોજન : કૃષિક્ષેત્રનાં તર્જજ્ઞો દ્વારા ખેડૂતોને માર્ગદર્શન અપાયું : ગામડે ગામડેથી ખેડૂતો ઉમટી પડયા**





તસવીર શ્યામ સેદાણી

બાબરા, (દિપક સેદાણી)બાબરા મુકામે ખેડૂત લક્ષી ઓજારોના ઉપયોગ અને માર્ગદર્શન માટે એક ખેડૂત શિબિરનું સુંદર આયોજન શકિતમાન મેર્કીંગ એગ્રીકલ્ચર દ્વારા બાબરા કિસાન ફાર્મ ઈકિવપમેન્ટનાં સર્વશ્રી જયસુખભાઇ પાંચાણી, મહેશભાઇ પલસાણા અને બ્રિજેશભાઇ પાંચાણી દ્વારા કરવામાં આવેલ. આ ખેડૂત શિબિરમાં વિશાળ સંખ્યામાં ખેડૂતભાઈઓ ઉપસ્થિત રહી હાઈટેકનોલોજીનો ઉપયોગ અને માર્ગદર્શન મેળવેલ. ખેડૂત આગેવાન અને અગ્રણી વેપારી શંભુભાઈ પાંચાણી, તાલુકા પંચાયત કચેરીમાંથી ગોપાલભાઈ, સાવલિયાભાઈ, રાઠોડભાઈ ઉપસ્થિત રહેલ. શકિતમાન કંપનીનાં દિપુભાઇ પરમાર, હિતેશભાઇ ઝાલા, ભાવેશભાઈએ માર્ગદર્શન આપેલ છે.

## સાવરકુંડલામાંથી પસાર થતા સ્ટેટ હાઈવે, બાયપાસ પ્રશ્ને જિલ્લા યુવા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતની ઉચ્ચ કક્ષાએ રજુઆત

**હાઈવે અને બાયપાસ પ્રશ્ને તત્કાલ ઉકેલ લાવવા સબંધિતોને પત્રો પાઠવ્યા**



સાવરકુંડલા,સાવરકુંડલા શહેરની મધ્યમાંથી પસાર થતા સ્ટેટ હાઈવેના કારણે એકાદ ડઝન ઉપરાંતની માનવ જીંદગીઓ અકાળે મોતને ભેટેલ છે. બાયપાસના પ્રાણ પ્રશ્ન સાથે શહેરમાં સ્પીડબ્રેકર અને રોડની મરામત પ્રશ્ને અમરેલી જિલ્લા યુવા કોંગ્રેસના પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરતા યુધ્ધના ધોરણે શહેરમાં સ્પીડબ્રેકર મુકાઇ ગયા અને રોડ - રસ્તામાં ગાબડા પુરી મદદ અંશે વાહન ચાલકોને રાહત થયેલ છે. સાવરકુંડલા શહેરની મધ્યમાંથી પસાર થતો પીપાવાવ - અંબાજી સ્ટેટ હાઈવેને કારણે મસમોટા કન્ટેનરો, ટ્રકો થી અનેક અકસ્માતો પોલીસ ચોપડે નોંધાયેલ છે. જયારે શહેરી વિસ્તારમાં જ એક ડઝન ઉપરાંતની માનવઝીંદગીઓ મોતને ભેટેલ છે. જયારે શહેરની મધ્યમાં સ્પીડબ્રેકરો ન હોવાથી પુરપાર આવતા વાહનો અકસ્માતને વણનોર્તયુ આમંત્રણ પાઠવતા જેથી અમરેલી જિલ્લા યુવા કોંગ્રેસના પ્રમુખ અને અમરેલી જિલ્લા પંચાયતના સદસ્ય પ્રતાપ દુધાતએ બાયપાસ અંગે અને શહેરમાં મામલતદાર કચેરીથી લઇને અમરેલી જકાતનાકા સુધીમાં સ્પીડબ્રેકરો મુકાવા અંગે વહીવટીતંત્રને લેખીતમાં રજુઆતો કરીને યુધ્ધના ધોરણે માનવ જીંદગી બચાવવા માટેની લાગણીઓ તંત્રએ ધ્યાને લઈને તુરંત જ સ્પીડબ્રેકરો બનાવી આપ્યા અને સ્પીડબ્રેકરો સાથે ભારે લોડીંગ વાહનોથી શહેરનાં મુખ્ય રસ્તાઓ મગરની પીઠ સમાન ખરબચડા બની ગયેલા જે ખાડા ખરબચડા રસ્તાઓ પુરવા સમારકામની રજુઆતને પણ ન્યાય મળ્યો અને રોડ રસ્તાઓમાં પેચીંગવર્ક કરીને ગાબડાઓ પુરવામાં આવતા જિલલા યુવા કોંગ્રેસના પ્રમુખ પ્રતાપ દુધાતની મહેનત રંગ લાવી હતી પ્રજાનાં પ્રાણપ્રશ્નો અંગે હંમેશા જાગૃત રહેતા યુવા અગ્રણીને વાહન ચાલકો અને રાહદારીઓએ અંતરના આશિર્વાદ આપ્યા હતા.

**પોલીસ વેરિફિકેશન ઈતિહાસ બની જશે**

## પાસપોર્ટ મેળવવા માટે હવે આધારકાર્ડ ફરજિયાત હશે

**વિદેશ મંત્રાલય દ્વારા સુધારેલી રૂપરેખા તૈયાર કરવામાં આવી : કેટલીક નવી શરતો અરજીદારને પાળવી પડશે**

નવીદિલ્હી,
પાસપોર્ટને લઈને હવે આધારને ફરજિયાત બનાવી દેવાની હિલચાલ ચાલી રહી છે. નવેસરથી પાસપોર્ટ જારી કરતા પહેલા પોલીસ ચકાસણી અથવા તો પોલીસ વેરિફિકેશનની પ્રક્રિયા હવે ઈતિહાસ બની જશે. કારણ કે વિદેશ મંત્રાલય દ્વારા અરજીદારની ઓળખ માટે આધારકાર્ડ ઉપર આધાર રાખવાની ગણતરી કરી લેવામાં આવી છે. સાથે સાથે ફોજદારી રેકોર્ડની ખાતરી કરવા માટે નેશનલ ક્રાઈમ બ્યુરોના આંકડા ઉપર આધારિત રહેશે. નાગરિકતા, સમન્સ, વોરંટ જેવા પાસાઓ ઉપર સ્વ જાહેરાતની અરજીદારની બાબત સાથે આ તમામ બાબતો આધારિત રહેશે. વેરિફિકેશન બાદના આધાર પર નવા પાસપોર્ટ જારી કરવામાં આવશે. સરળ પોલીસ વેરિફિકેશનની વ્યવસ્થા સમય સમય ઉપર ઉભી થતી ફરિયાદોને દૂર કરશે. પાસપોર્ટ જારી કરવામાં વિલંબને લઈને ઘણી બધી ફરિયાદો થઈ ચુકી છે. કોન્સ્યુલર દ્વારા સુચવવામાં આવેલી સુધારેલી રૂપરેખા મુજબ વિદેશમંત્રાલયના વિઝા અને પાસપોર્ટ ડિવિઝન દ્વારા ગૃહમંત્રાલય સાથે, કાયદા મંત્રાલય, ઈન્ટેલીજન્સ બ્યુરો સાથે ચર્ચા થઈ ચુકી છે. સરકાર હવે વડાપ્રધાન મોદીના આદેશ ઉપર આગળ વધી રહી છે જેના ભાગરુપે પાસપોર્ટ જારી કરવા માટે આધારકાર્ડને ફરજિયાત બનાવવામાં આવનાર છે. આને અમલી બનાવવા યુઆઈડીએઆઈ સાથે વાતચીત ચાલી રહી છે. તેની સાથે સહકાર કરાઈ રહ્યો છે. આ મહિનાના અંત સુધી પ્રક્રિયાને પૂર્ણ કરી લેવાશે. અરજીદાર પાસે આધારકાર્ડ નહીં હોવાના કેસમાં તેના આધાર નોંધણી નંબરને પણ ચલાવી લેવામાં આવશે. ૨૪મી સપ્ટેમ્બરના દિવસે સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હોવા છતાં નવેસરના પાસપોર્ટ જારી કરવા માટે આધાર કાર્ડને ફરજિયાત બનાવવા સરકારની હિલચાલ ચાલી રહી છે.સુપ્રીમે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જાહેર સર્વિસ અથવા તો સબસિડી મેળવવા માટે આધારને ફરજિયાત કરી શકાય નહીં. વર્તમાન વ્યવસ્થા હેઠળ પોલીસ વેરિફિકેશન અહેવાલ મળી ગયાના એક સપ્તાહની અંદર પાસપોર્ટ જારી કરવામાં આવે છે. પોલીસ વેરિફિકેશનની પ્રક્રિયા જરૂરી બને છે. બાળકોના કેસમાં પણ જુદી વ્યવસ્થા રહેલી છે. તત્કાલ અરજીઓ માટે વધારાના દસ્તાવેજોની જરૂર પડે છે.

## સાવરકુંડલા રેલ્વે સ્ટેશનમાં ટીકીટ બારી એક જ હોવાથી મુસાફરોને ટીકીટ મેળવવામાં મુશ્કેલી

**ટીકીટ મેળવવા લાંબી કતારો લાગતા બીજી બારી ખોલવા મુસાફરોની માંગણી**



સાવરકુંડલા, સાવરકુંડલાનું રેલ્વે સ્ટેશન અમરેલી જિલ્લામાં ખૂબજ શારૂ બન્યુ છે અને સુવિધામાં સૂરત - મુંબઈ સાથે ડેઈલી ભાવનગરની ટ્રેઈન દરરોજ ઉપડે છે. હાલ બાળકોને વેકેશન ગાળો હોય અને રેલ્વે સ્ટેશનમાં ટીકીટ ટાઈમે ભીડ પણ એક સામટી જોવા મળી રહી છે. સાવરકુંડલા શહેર સાથે તાલુકાની મોટી ભીડ રેલ્વેની મુસાફરી માટે તલપાપડ બની હોય અને રેલ્વે તંત્ર દ્વારા બુકીંગની એક જ બારી ખુલ્લી રાખવામાં આવે છે. અને એક જ વ્યક્તિ ટીકીટ બારી પર હોવાથી મહિલા અને વૃધ્ધોની લાંબી લાઈનો છેક બહાર સુધી જોવા મળી રહી છે જયારે પુરૂષોની લાઈનો તો બહાર રોડ પર આવી જતી હોય છે !!સાવરકુંડલાનાં રેલ્વે પોલીસકર્મીને પણ જલસો પડી ગયો હોય એમ કયારેક કયારેક ઈદના ચાંદની માફક ટુ વ્હીલમાં ચક્કર મારી જાય છે. અમરેલીના ગામડામાંથી અપડાઉન કરવા માટે જ ટુ વ્હીલ બાઈક્ર નો ઉપયોગ કરવામાં આવતો હોવાનું રેલ્વે સુત્રોમાંથી જાણવા મળી રહ્યુ છે. હાલ દિવાળી વેકેશન અને પરિક્રમાનું ટ્રાફીક ખૂબ જ વધુ હોય અને રેલ્વે તંત્રને આવક પણ સારી થતી હોવા છતા ટીકીટ બારી પર પેસેન્જરોને અગવડતા પડી રહી છે. જયારે પેસેન્જરોને અગવડતા સાથે કાયદો વ્યવસ્થાની જવાબદારી નિભાવતા પોલીસ કર્મી મોટાભાગે ઘેર હાજર હોવાનું જાણવા મળી રહ્યુ છે તે પણ આશ્ચર્યની બાબત કહી શકાય. આ અંગે ધોળા રેલ્વે પોલીસનો સંપર્ક કરતાં રેલ્વે પી.એસ.આઈ. ૦૨૮૪૩ ૨૪૨૨૩૩ પર મળી શકયા ન હતા અને રેલ્વે તંત્ર દ્વારા તાકિદે ભીડનાં નિરાકરણ માટે બીજી ટીકીટ બારી ખોલે અને કાયદાનાં રક્ષકને ટાઈમ ટુ ટાઈમ ડયુટી પર આવે તેવું જનતા જર્નાદન ઈચ્છી રહી છે.

## ધારી તાલુકા પંચાયતની કારોબારી મળી

ધારી,ધારી તાલુકા પંચાયતમાં તા. ૧૦/૧૧/૧૪ ના રોજ બચત ભુવનમાં તાલુકાના વિકાસના કામોની ચર્ચા કરવા તેમજ ૧૩ણાં નાણાપંચ ૨૦૧૪/૧૫ના આયોજન માટે ચેરમેનશ્રી કારોબારી સમિતિ શ્રીમતિ મનીષાબ ગોબરભાઈ નકુમ ના અધ્યક્ષ સ્થાને મીટીંગ મળી હતી. મીટીંગમાં તાલુકા પંચાયતમાં હિસાબી શાખામાં ખાલી જગ ભરવા માટે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી ખાલી જગ્યા ભરવા માટે માંગણી કરી હતી તેમજ બચત ભુવન તેમજ તાલુકા પંચાયત સંચાત ધર્મશાળાને રંગરોગાન કરવા માટે ભલામણ કરવામાં આવી હતી. આ બેઠકમાં કારોબારી સમિતિના સદસ્યોશ્રી પ્રવિણભાઈ કોટડીયા, જગુભાઈ શેખવા, શાંતીભાઈ પરમાર, પ્રભાબેન ગોંડલીયા, દેવીબેન કાતરીયા, કિશોરભાઈ વાળા, અજયભાઈ ઢોલરીયા અને તાલુકા પંચાયતના અધિકારીશ્રી એચ.એલ.નારોલા તથા તમામ કર્મચારીશ્રીઓ હાજર રહેલા તેમ પત્રકાર હસમુખભાઈ દવેની યાદીમાં જણાવેલ છે.

### મોટા ભમોદ્રામાં દારૂનો આથો ઝડપાયો

અમરેલી,વંડાના મોટા ભમોદ્રામાં રહેતા દેવા અરજણ પરમારને દેશી દારૂનો આથો લી.૧૦૫ કિ.રૂા.૨૧૦ના મુદામાલ સાથે એએસઆઇ એ.એન.જોષી તપાસ ચલાવી રહયા છે

**અમદાવાદ વૈષ્ણોદેવીનો સમાવેશ**

### અમદાવાદથી હવે ૪ નવી ટ્રેનો ટૂંકમાં શરૂ

અમદાવાદ,રેલવે બજેટમાં આ વર્ષની શરૂઆતમાં તત્કાલિન રેલવે પ્રધાન ડીવી સદાનંદ ગૌડા દ્વારા જાહેરાત કરવામાં આવ્યા બાદ હવે અમદાવાદ ડિવિઝનથી વધુ ચાર ટ્રેનો શરૂ કરવામાં આવી રહી છે. નવેમ્બરના આગામી સપ્તાહ સુધી ટ્રેનો શરૂ થઈ જશે. જે ટ્રેનો શરૂ થઈ રહી છે તેમાં અમદાવાદ-શ્રી માતા વૈષ્ણોદેવી (પ્રિમિયમ ટ્રેન), અમદાવાદ લખનૌ એકસપ્રેસ, અમદાવાદ પટણા એક્સપ્રેસ, અમદાવાદ-અલ્હાબાદ એક્સપ્રેસ ટ્રેનનો સમાવેશ થાય છે.

**બાકી રહેલા ત્રણ વિધેયકો પસાર કરાયા**

## વિધાનસભામાં કપાસના ભાવ મામલે જોરદાર ધાંધલ-ધમાલ

**પ્લેકાર્ડ સાથે દેખાવ કરી અધ્યક્ષની વેલ સુધી ધસી જનાર કોંગ્રેસના કુલ ૫૪ ધારાસભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા**

અમદાવાદ,ગુજરાત વિધાનસભાના બે દિવસના ટૂંકા સત્રના આજે અંતિમ દિવસે કપાસ અને મગફળીનો ટેકાના ભાવના મુદ્દે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોએ ગૃહમાં ભારે ધાંધલ ધમાલ મચાવતા અને પ્લેકાર્ડ સાથે દેખાવ કરી વેલ સુધી ધસી જતાં ગૃહના અધ્યક્ષ ગણપત વસાવાએ કોંગ્રેસના ૫૪ ધારાસભ્યોને સસ્પેન્ડ કર્યા હતા. જ્યારે વિપક્ષ નેતા શંકરસિંહ વાઘેલા તથા અન્ય ધારાસભ્યો ગૃહમાંથી વોકઆઉટ કરી રહ્યા હતા. વિધાનસભા ગૃહમાં સવારની કામગીરી દરમ્યાન કોંગ્રેસના સભ્ય રાઘવજીભાઈ પટેલ કપાસના ટેકાના ભાવનો મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયાસ કર્યો ત્યારે અધ્યક્ષે આ અંગે ચર્ચાની મંજુરી નહીં આપતા મામલો બિચક્યો હતો અને આક્રમક તૈયારી સાથે આવેલા કોંગ્રેસના સભ્યોએ આ મુદ્દે અભૂતપૂર્વ ધાંધલ ધમાલ કરી ગૃહનું કામકાજ ખોરવી નાખ્યું હતું. કોંગ્રેસ અને ભાજપના સભ્યોના સામસામે આક્ષેપો અને પ્રતિઆક્ષેપો તેમજ ભારે શોરબકોરથી ગૃહમાં એવી અરાજકતા ફેલાઈ હતી કે કોણ શું બોલે છે તે પણ સંભળાતું ન હતું.

**શિક્ષણ વિભાગનો શિક્ષકોના હિતમાં નિર્ણય**

## માધ્યમિક-ઉચ્ચ માધ્યમિકના શિક્ષકો ફાજલ નહીં જ કરાય

**શિક્ષણ ખાતા દ્વારા મહત્વના નીતિવિષય નિર્ણયથી રાહત**

અમદાવાદ,
રાજ્યની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ષ ૧૯૯૮ પછી કાર્યરત તમામ શિક્ષકોને હાલમાં ફાજલ નહીં કરવામાં આવે. આ બાબતે શિક્ષણ વિભાગ દ્વારા મહત્વનો નીતિવિષયક નિર્ણય જાહેર કરતા શિક્ષકોમાં રાહતની લાગણી પ્રસરી ગઈ છે. શિક્ષણ વિભાગ દ્વારા આ પરીપત્રનો તત્કાલ અમલ કરવા માટે રાજ્યના તમામ જિલ્લાઓના શિક્ષણાધિકારીઓને જાણ કરી દેવામાં આવી છે. રાજ્યમાં શિક્ષકોને ફાજલ ન કરવાનો નિર્ણય કરતા ૧૯૯૮ પછી ભરતી થયેલા શિક્ષકોને હાજર થવાની સંભાવનામાંથી મુક્તિ મળથા શિક્ષકોમાં રાહતની લાગણી પ્રસરી જવા પામી છે. ઉલ્લેખનીય છે કે અત્યારે માત્ર અમદાવાદ શહેરની શાળાઓમાં જ ૨૦૦૦ જેટલા શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે જયારે રાજ્યભરની શાળાઓમાં વર્ષ ૧૯૯૮ પછી હજારોની સંખ્યામાં શિક્ષકોની ભરતી કરવામાં આવી છે ત્યારે હવે આ શિક્ષકોને ફાજલ જાહેર ન કરવાનો નિર્ણય લેવાતા રાજ્યની તમામ ગ્રાન્ટેડ શાળાઓમાં ભરતી થયેલા તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને લાભ મળવાપાત્ર થશે. રાજ્યના શૈક્ષમિક સંઘ દ્વારા સરકાર તેમજ શિક્ષણ વિભાગ સમક્ષ આ મુદ્દે છેલ્લા કેટલાક સમયથી વાટાઘાટો ચાલી રહી હતી અને ઉગ્ર રજુઆતો પણ થઈ હતી. લાંબાગાળાના સંઘર્ષ પછી અસંખ્ય શિક્ષકોની જગ્યાઓ હાલમાં ખાલી પડેલી હોઈને વચગાળાની કામગીરીના ભાગરૂપે શિક્ષણ વિભાગે આ નિર્ણય લીધો છે.

**ગાંધીનગરમાં શપથવિધિ સમારોહ**

## હવે ગુજરાત રાજ્યના ૫ સંસદીય સચિવોને શપથ

ગાંધીનગર,
મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે ગુજરાત રાજ્યના પાંચ સંસદીય સચિવોને હોદ્દો અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલના નર્મદા ખંડમાં યોજાયેલા આ શપથવિધિ સમારોહમાં સર્વશ્રી વાસણભાઈ આહિર, રણછોડભાઈ દેસાઈ, ભરતસિંહજી ડાભી, શામજીભાઈ ચૌહાણ અને જેઠાભાઈ સોલંકીએ ઈશઅવરના નામે શપથ ગ્રહણ કર્યા હતા.
આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ ગણપતસિંહ વસાવા, આરસી ફળદુ, મંત્રી મંડળના મંત્રીઓ, ધારાસભ્યો ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પદાધિકારીઓ, ઉચ્ચ સચિવઓ સહિત આમંત્રીઓ અને રાજયભરના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

**૫૪ મહિલાઓને હોસ્પિટલમાં ખસેડાઈ : ૩૨ની હાલત ગંભીર**

## છત્તીસગઢમાં નસબંધી વેળા આઠ મહિલાઓના મોતથી સનસનાટી

**હચમચી ઉઠેલી સરકારે બે-બે લાખ રૂપિયાની મદદની જાહેરાત કરી : અનેક તબીબો અને અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો આદેશ : નસબંધી કેમ્પો બંધ**

વિલાસપુર,
ગામોની ૮૩ મહિલાઓ દ્વારા નસબંધી કરાવવામાં આવી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, હાઈપોવોલુમિક શોક અથવા સેપ્ટિક બતાવવામાં આવ્યું છે. જિલ્લા વહીવટીતંત્રએ મામલામાં તપાસના આદેશ આપી દીધા છે. સૌથી મોટો પ્રશ્ન લોકોને એ સતાવી રહ્યો છે કે, છેલ્લા છ કલાકમાં જ ૮૬ ઓપરેશન કઈ રીતે કરવામાં આવ્યા. જિલ્લા વહીવટીતંત્રના સિવિલ સર્જન બીઆર નંદાનું કહેવું છે કે, વિલાસપુરમાં સકરી ગામમાં નેમિચંદ જૈન કેન્સર રિસર્ચ સેન્ટરમાં નસબંધી શિબિરનું આયોજન કરાયું હતું. આમા મુખ્ય તબીબી અધિકારી આરકે ભાંગે, તબીબ પ્રમોદ તિવારી, વરિષ્ઠ સર્જન ડો. આરકે ગુપ્તા સહિત અનેક તબીબો અને આરોગ્ય કર્મીઓની ડ્યુટી લગાવવામાં આવી હતી પરંતુ બેદરકારી હોવાનું જાણવા મળ્યું છે. અનેક અધિકારીઓ અને તબીબોને સસ્પેન્ડ કરવાનો તાત્કાલિક ધોરણે આદેશ કરાયો છે.
છત્તીસગઢના વિલાસપુર જિલ્લામાં નસબંધી બાદ નવ મહિલાઓના મોત થઈ ગયા છે અને ૫૪ મહિલાઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી ચુકી છે જે પૈકી ૩૨ની હાલત ગંભીર જણાવવામાં આવી છે. હચમચી ઉઠેલી છત્તીસગઢ સરાકરે મૃતકના પરિવારને બે-બે લાખ રૂપિયાની જાહેરાત કરી દીધી છે. આ ઘટના બાદ તમામ નસબંધી કેમ્પોને બંધ કરવાનો આદેશ કરાયો છે. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, બે મહિલાઓને શનિવારના દિવસે વિલાસપુર નજીક સકરી ગામમાં એક ખાનગી હોસ્પિટલમાં સ્થાપિત આરોગ્ય શિબિરમાં ઓપરેશન કરાવ્યું હતું. આ શિબિરમાં તખતપુર બ્લોક અને આસપાસનાગામોની ૮૩ મહિલાઓ દ્વારા નસબંધી કરાવવામાં આવી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, હાઈપોવોલુમિક શોક અથવા સેપ્ટિક બતાવવામાં આવ્યું છે. જિલ્લા વહીવટીતંત્રએ મામલામાં તપાસના આદેશ આપી દીધા છે. સૌથી મોટો પ્રશ્ન લોકોને એ સતાવી રહ્યો છે કે, છેલ્લા છ કલાકમાં જ ૮૬ ઓપરેશન કઈ રીતે કરવામાં આવ્યા. જિલ્લા વહીવટીતંત્રના સિવિલ સર્જન બીઆર નંદાનું કહેવું છે કે, વિલાસપુરમાં સકરી ગામમાં નેમિચંદ જૈન કેન્સર રિસર્ચ સેન્ટરમાં નસબંધી શિબિરનું આયોજન કરાયું હતું. આમા મુખ્ય તબીબી અધિકારી આરકે ભાંગે, તબીબ પ્રમોદ તિવારી, વરિષ્ઠ સર્જન ડો. આરકે ગુપ્તા સહિત અનેક તબીબો અને આરોગ્ય કર્મીઓની ડ્યુટી લગાવવામાં આવી હતી પરંતુ બેદરકારી હોવાનું જાણવા મળ્યું છે. અનેક અધિકારીઓ અને તબીબોને સસ્પેન્ડ કરવાનો તાત્કાલિક ધોરણે આદેશ કરાયો છે.

**રાત્રીના ૧ થી પરોઢે નિહાળવા શ્રેષ્ઠ સમય**

## વિશ્વમાં ૧૪મી નવેમ્બરથી સ્પષ્ટ ઉલ્કાવર્ષા નજારો હશે

**કલાકની ૧૫ થી ૫૦ ઉલ્કાઓને સ્પષ્ટરીતે જોઇ શકાશે**

અમદાવાદ,
દુનિયાભરના લોકોએ ઓક્ટોબરમાં ઓરીયોનીડસ તથા તા. ૧ નવેમ્બરે ટોરીડસ ઉલ્કાવર્ષાની આતશબાજી નિહાળી હતી. હવે બીજા તબક્કામાં વિશ્વના લોકો તા. ૧૪ થી ૨૦ નવેમ્બર દરમ્યાન લીઓનીડસ ઉલ્કાવર્ષાનો સ્પષ્ટ અવકાશી નજારો નિહાળવા થનગની રહ્યા છે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખી તૈયારી આરંભી દીધી છે ત્યારે રાજયના વિજ્ઞાપ્રેમીઓને અવકાશી ઉલ્કાવર્ષાનો અદભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાએ અપીલ કરી છે. રાજયભરમાં ખગોળીય આનંદ લૂંટવા માટે ભારત જન વિજ્ઞાન જાથાએ ખાસ આયોજન કર્યું છે.જાથાના રાજ્ય ચેરમેન જયંત પંડ્યા જણાવે છે કે દુનિયાભરમાં દર વર્ષે નવેમ્બર માસમાં તા. ૧૪મી થી ૨૦ દરમ્યાન લીઓનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ અદભૂત જોવા મળે છે. દેશ-વિદેશમાં કલાકથી ૧૫થી ૫૦ અને વધુમાં વધુ ૧૦૦ ઉલ્કાવર્ષા દિવાળીની આતશબાજીના દ્રશ્યો જેવી અવકાશમાં જોવા મળે છે. અવકાશી અજ્ઞાનતાના કારણે આકાશમાં અગ્નિ બિહામણા દ્રશ્યો જોઈ અમુક લોકો અચંબા સાથે હોનારત જેવો ભય અનુભવે છે. વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળે છે.

